# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૭ અંક : ૧૯૪



પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪, ૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદક
**શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧

**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com



*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા, સુલતાન બજાર,
હૈદરાબાદ ૯૫ ફોન ૬૬ ૭૮૦ ૭૮૦

કિંમત - રૂ. ૧/-



''નિયાંપો'' માં પ્રગટ થતા કોઇ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઇ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**ધનજી લખમશી સાવલા**

ભારતની આઝાદી ની ચળવળમાં ઓગસ્ટ માસનો વિશિષ્ઠ મહિમાં છે. ઑગસ્ટ ૧૯૪૨માં ''ભારત છોડો'' ના નારાથી, અંગ્રેજોને આકરી અને અંતીમ ચેતવણી આપતાં પૂ. ગાંધીજીએ દેશવ્યાપી અહિંસક ક્રાંતિનું આહ્વાન કર્યુ. લાખોમાં, જનસમુદાય જોડાયો, લાઠીચાર્જ, ધરપકડ, ગોળીબાર, જેલોમાં અસહ્ય સિતમો, અને અગણિત કુરબાનીઓની અમરગાથા છે, ઑગસ્ટ ક્રાંતિ પછી તો, દુનિયાભરનાં ઘણાય રાષ્ટ્રો, ક્રાંતિ, ઉત્ક્રાંતિ, કે ઉગ્ર રાજકીય પરિવર્તનના સાથથી ગુલામીની ઝંઝીરો તોડી, સ્વાધીન બન્યા. પરંતુ, અપરિપક્વ લોકમાનસને, સામાજિક તથા અન્ય દુષણોની ધૂંસરીઓએ ભીંસમાં જકડી રાખ્યા છે. એમાંથી મુક્ત થવા સૌ દેશવાસીઓને ફરી ફરીથી આવી ઑગસ્ટક્રાંતિની ઇંતેજારી છે.

પંદરમી ઑગસ્ટનાં મુબારક સ્વાતંત્ર્ય દિવસની આપ સૌને હાર્દિક શુભકામનાઓ...

શાળા અને કોલેજો નવા સત્રથી શરૂ થઇ છે. ઉચ્ચ અભ્યાસક્રમની તીવ્ર હરિફાઇઓને પાર કરવા, પ્રયત્નશીલ વિદ્યાર્થીઓને કમર કસવી જરૂરી છે. પ્રમાણિક મહેનત અને નૈતિક બુદ્ધીમતાથી મેળવેલ સફળતાની સર્વત્ર, સૌ યોગ્ય કદર કરે છે.

શ્રાવણ-ભાદરવાના પાવનપર્વનાં ધર્મઆરાધનાનાં અવસર આવ્યા છે રક્ષા બંધન, શ્રી કૃષ્ણ જન્માષ્ટમી, પર્યુષણ અને ગણેશ ચતુર્થીનાં પવિત્ર પર્વોમાં, પ્રમાદ ત્યજી, સૌ યોગ્ય લાભ અવશ્ય લેશો.

હવે આપ વેબ સાઇટ ઉપર ''નિયાંપો'' વાંચી શકો છો જેની વેબસાઇટ નિચે મુજબ છે:
**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



## સંપાદકીય

સંપાદક : શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા
સહ સંપાદક : દિનેશ કલ્યાણજી ગોસર

પંદરમી ઑગસ્ટ, સ્વતંત્રતા દિવસે આપણે આઝાદ થયા. અંગ્રેજોની ગુલામીથી આપણો દેશ આઝાદ થયો. આપણે તિરંગો લહેરાવ્યો. આજના દિવસે વર્ષો પછી આપણે પોતાનું અસ્તિત્વ મેળવ્યું. આજના દિવસે સલામ છે એ શહિદોને, એ બધા ક્રાંતિકારીઓને, એ બધા કાર્યકર્તાઓને અને એ બધા નેતાઓને જેમણે કેટકેટલા જુલ્મો સહ્યા અને જિંદગીને આપણી માતૃભૂમિને સમર્પિત કરી, જે થકી આપણને આઝાદી મળી.

આ માટેનો યશ આપણે આપણા બાપૂ શ્રી મહાત્મા ગાંધીને આપીએ છીએ. તેમની સાથે જાણીતા કે અજાણ્યા એવા બીજા પણ ઘણા નેતાઓનો ફાળો હતો. પ્રજાએ પણ ઘણા જુલ્મો સહ્યા. આઝાદી આપણને સહેજે કે એમજ નથી મળી. ફક્ત ધારદાર ભાષણો કરવાથી, તેથી લોકોને ઉશ્કેરવાથી કંઇ હાંસિલ નથી થતું. આ માટે આપણા નેતાઓએ દ્રઢ સંકલ્પ, સાચી તથા સચોટ વાત અને આમ જનતા સાથે રહીને સત્યાગ્રહ અને અસહકાર જેવી લડ્તો લડી છે. આ બધાનું રૂણ આપણા ઉપર છે.

આપણે પોતાનો જ નહીં સાથે દેશનો પણ વિકાસ કરવાનો છે. ભ્રષ્ટાચાર જેવા દુષણોથી દેશને બચાવવાનો છે. આ બધા માટે એક વ્યક્તિ શું કરી શકે ? આવું વિચારવાને બદલે શરૂઆત કરવાની છે. બીજાઓ પણ સમજશે ને સાથે જોડાશે. સરકાર કરશે એવું વિચારીને નહીં ચાલે. એજ્યુકેશન, રહેઠાણ, જેવા પ્રશ્નો સામાજીક સંસ્થાઓ આગળ આવીને પણ થોડા ઘણા અંશે હળવા કરી શકે. પ્રશ્નો ઘણા છે ઉકેલ પણ આપણી જ પાસે છે. ફક્ત જરૂર છે પ્રથમ પગલું ભરવાની, રસ્તો પોતાની મેળે બની જશે.



## સહમંત્રીનો અહેવાલ

પ્રેમચંદ કેશવજી છેડા

સમસ્ત ભારતનાં કચ્છી સમાજમાં સામાજીક કાર્યના ક્ષેત્રે આપણો શ્રી કચ્છી મિત્ર મંડળ પહેલી હરોળમાં આવે છે. એ આપણા માટે ગર્વની વાત છે.

આપણે સૌ એક બીજાનું માન સન્માન જાળવીને કાર્ય કરી રહ્યા છીએ માટે જ ઉપરોક્ત વાત શક્ય બની છે. એટલામાં જ સંતોષ માની લેવા જેવું નથી હજી ઘણા કાર્યો હાથે ધરાવવાનાં બાકી છે જે હકીકત માં સમયની માંગ છે આ વાતને સમજી એને અનુલક્ષીને કાર્યક્રમોનું આયોજન કારોબારી સમિતિ તથા સર્વે સમિતિઓનાં સંચાલકોએ કરવાનું છે.

નવા કાર્યક્રમો તમારી સામે આવે ત્યારે સક્રિય સાથ સહકાર આપશો તથા તેટલાજ ઉલ્હાસથી કાર્યક્રમો ને વધાવી લેશો તેમજ મંડળ ને વધુમાં વધુ કાર્યક્ષમ બનાવવા જરૂર સુચનો લખી મોકલશો.

મંડળનાં સભ્યો માટે આઇડેન્ટીટી કાર્ડ બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ માટે શ્રી અરવિંદ છેડા, શ્રી પકંજ સાવલા અને શ્રી મનીષ સાવલા ની નિમણૂંક કરવામાં આવેલ છે. આ માટે આપના સૂચનો આવકાર્ય છે. મંડળનાં માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ નિશર પરદેશની સફરે ગયેલ છે. તેમની યાત્રા નિર્વિઘ્ન અને સફળ રહે એવી શુભેચ્છા...

## પર્યુષણ ઉત્સવ સમિતિ

સંચાલક : મણીકાંત મેઘજી મોમાયા

પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ પર્યુષણ મહાપર્વ બહુજ રૂડી રીતે ઉજવાશે. પર્યુષણ મહાપર્વ શુક્રવાર તા. ૨૬-૮-૨૦૧૧થી શરૂ થઇ શુક્રવાર તા. ૨-૯-૨૦૧૧ નાં પરીપૂર્ણ થશે. મોટું પ્રતિક્રમણ પાંચમની સાંજના ૪ વાગે કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. પ્રતિક્રમણ બાદની પ્રભાવના માતુશ્રી શાંતાબેન હીરજી ગોસર પરિવાર તરફથી 'શ્રીફળ' ની રહેશે, તથા 'લાડુ' ની પ્રભાવના શ્રી બાલાજી રતનલાલ મિઠાઇ ભંડાર તરફથી રહેશે.

અન્ય કોઇને પણ પ્રભાવના કરવાની ઇચ્છા હોયતો સંચાલકને જાણ કરી જરૂરથી કરી શકે છે. આ વર્ષે છટ્ઠુનો ક્ષમાપના મિલન રવિવાર તા. ૪-૯-૨૦૧૧ સવારનાં ૧૦.૦૦ કલાકે કચ્છીભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ૮ થી વધુ ઉપવાસ ની તપસ્યા કરનારનું બહુમાન કરવામાં આવશે. તપસ્વીઓ એ પોતાના નામ કચ્છીભવનમાં લખાવવા વિનંતી. આ પ્રસંગે સકળ શ્રીસંઘને સ્વામિવાત્સલ્ય કરાવવાનો લાભ અ.સૌ. શ્રીમતી લીલાવંતીબેન અમૃતલાલ રવજી ભેદા પરિવાર ગામ સમાઘોઘાવાળા તરફથી રાખવામાં આવેલ છે. કચ્છી મિત્ર મંડળ ના સર્વે સભ્ય ભાઇઓ તથા કચ્છી સમાજના સર્વે ભાઇઓ ને જરૂરથી સપરિવાર પધારી પ્રસાદનો લાભ લેવા વિનંતી.



## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫, pankajhsavla@yahoo.com

આજની ભાગદોડ ભરી જિંદગી અને ટેન્શન યુક્ત જીવન માં મનોરંજન એક એવુ માધ્યમ છે જેના થકી આપણે તનાવમુક્ત રહી શકીએ છીએ.

ફરી એકવાર મનોરંજન સમિતિના સંચાલન ની જવાબદારી મને સોંપવા બદલ આભાર. હર હમેશા સમિતિ ના કાર્યક્રમોમાં સાથ આપનાર સાથી કાર્યકરો, સ્પોન્સર્સ, અને સમિતિના સર્વે સભ્યોનો સાથ અને સહકાર હમેશા મળતો રહેશે એવી શુભકામના.

સમિતિનો આગામી કાર્યક્રમ શરદપૂર્ણિમા ઉજવણીનો રહેશે, તારીખ ૯-૧૦-૨૦૧૧ રવિવાર હનુમાન વ્યાયામશાળા. સર્વે મેમ્બરોને તારીખ નોધી લેવા વિનંતી. સમિતિ ના કાર્યક્રમ માટે આપના અમુલ્ય સૂચનો અને અભિપ્રાયો આવકાર્ય છે.

સંચાલન માં મારી સાથે નીચે મુજબના મારા સાથી કાર્યકરો રહેશે : સર્વશ્રી મહેન્દ્ર દેવશી વોરા, હિતેન મણીલાલ સંઘોઇ, સમીર રમેશ વોરા અને દીપક આશારીયા માલદે.



SINCE 1998
Satkar
Caterers
Taste U'll Love to Eat
Pure Vegetarian Catering

*Om Padmavathi Namah*

**Rakesh Virchand Nagda**
93466 87608, 92909 52406

**Manish Virchand Nagda**
96180 13690, 92472 55011

**15-2-184/5, Maharajgunj, Hyderabad - 500 012**

(સૌ.જા.)

## વસ્તીપત્રક સમિતિ

સંચાલક : અરવિંદ છેડા ૯૩૯૧૦ ૦૭૨૭૭

વસ્તીપત્રક તેમજ ટેલીફોન ડાયરેક્ટરી પ્રસિદ્ધ કરવાનું કાર્ય આગળ વધી રહ્યુ છે. વારંવાર વિનંતી કરવા છતાં સભ્યોના ફોર્મ તેમજ ફોટા આવેલ નથી તેઓશ્રી ને વિનંતી છે કે આ કાર્ય ને મહત્વનું સમજી ને જલ્દીથી સંપૂર્ણ માહિતી સાથે નું ફોર્મ તથા ફોટો ઓફિસ માં મોકલી આપશો. છેલ્લી કારોબારી સમિતિ ની સભામાં નક્કી થયા મુજબ ફોર્મ અને ફોટા તા. ૩૧ ઑગસ્ટ ૨૦૧૧ સુધીજ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેલ ફોર્મ કોઇ પણ સંજોગોમાં સ્વિકારવામાં આવશે નહીં અને શ્રી કચ્છી મિત્ર મંડળ અને વસ્તીપત્રક સમિતિ આ માટે જવાબદાર રહેશે નહીં.

વસ્તીપત્રક, ટેલીફોન ડાયરેક્ટરીનું કાર્ય થયા બાદ, મેમ્બરનું ઓળખપત્ર (Identity Card) પણ બનાવવાનું શરૂ કરવામાં આવશે. વસ્તીપત્રક નાં ફોર્મ ઓફિસ માંથી મળી શકશે અન્ય વિશેષ જાણકારી માટે સહ-સંચાલકોનો સંપર્ક સાધવા વિનંતિ. સર્વશ્રી ૧) પંકજ હિરજી સાવલા ૯૮૪૯૭ ૪૭૬૨૫ ૨) હરેશ હેમરાજ દેઢિયા ૯૨૪૬૧ ૯૪૪૦૫ ૩) મનિષ મગનલાલ સાવલા ૯૩૯૧૦ ૨૪૧૦૮

## સભ્યપદ સમિતિ

સંચાલક : મનીષ મગનલાલ સાવલા,
સહસંચાલકોઃ લહેરચંદ લોડાયા, હરેશ હેમરાજ દેઢિયા

જયજીનેન્દ્ર શ્રી કચ્છી મિત્ર મંડળના નવા સભ્ય બનવા માટે અરજીપત્રક આપવાનું ચાલુ કરેલ છે અરજી પત્રક કચ્છીભવન ની ઓફીસ માં સવારનાં ૯ થી ૧૨ કલાક અને બપોરનાં ૩ થી ૫ કલાક દરમ્યાન મેળવી શકાશે. અરજી પત્રકનું મૂલ્ય રૂ. ૧૦.૦૦ અને આજીવન સભ્ય શુલ્ક રૂ. ૫૦૦.૦૦ પાંચ સૌ રાખવામાં આવેલ છે.

**નવા બનનાર આવેદકો માટે જરૂરી સૂચનો :**

૧) અરજી પત્રક સુંદર અને વાંચી શકાય એવા અક્ષરે ગુજરાતી / અંગ્રેજી માં ભરવું. ૨) અધુરૂ ભરેલું /વાળેલું/ ગંદુ / છેક છાક વાળું અરજી પત્રક સ્વિકારવામાં આવશે નહીં. ૩) અટકમાં શાહ શબ્દ નો ઉપયોગ ન કરતા મુળ અટક લખવી. ૪) તમે જે જ્ઞાતિનાં હો તે દર્શાવવું દા. ત. વિશા ઓસવાલ (ક.વી.ઓ.) દશા ઓશવાલ (ક.દ.ઓ.) ગુર્જર જૈન... વગેરે... ૫) આવેદન કરનાર વ્યક્તિએ પોતાના જન્મ પ્રમાણ પત્ર અને રહેઠાણ પ્રમાણ પત્ર ની ફોટો કોપી (ઝેરોક્ષ) આપવી જરૂરી છે, ફોટો કોપી પર આવેદક નાં હસ્તાક્ષર જરૂરી છે તેમજ ભલામણ કરનાર ટ્રસ્ટી અથવા કારોબારી સભ્ય પાસે બંને પ્રમાણપત્ર નાં ઓરીજીનલ બતાડી અને ફોટો કોપી (ઝેરોક્ષ) ઉપર એમનાં હસ્તાક્ષર લેવા જરૂરી છે. ૬) અરજીપત્રક સાથે અરજદાર નાં બે પાસપોર્ટ સાઇઝ નાં કલર ફોટો આપવાના રહેશે.




FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(સૌ.જ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

અમને જણાવતા હર્ષ થાય છે કે આપ સૌ સભ્યો, માનવ મિત્ર ના પ્રત્યેક પ્રવૃતિઓમાં હરહમેશા સાથ-સહકાર આપેલ છે, તે બદલ અમારી સમિતિના દરેક સભ્યો આપ સૌનો આભાર વ્યક્ત કરે છે. આવીજ રીતે આપ હરહમેશ અમને પ્રોત્સાહિત કરશો એવી વિનંતી. આ સાથે માનવમિત્રની પ્રવૃતિઓની માહિતી આપેલ છે.

**૧) મૂઠ્ઠીભર અનાજ યોજના :** આ યોજનામાં ભાગ લેનાર સભ્ય, સમિતિ તરફથી અપાતા એક પાત્રમાં દરરોજ એક મૂઠ્ઠીભર અનાજ (ચોખા-દાળ) ને સંચિત કરવાનું રહે છે જે સમિતિના વોલીન્ટીયર ભાઇઓ પ્રતિમાસના નક્કી થયેલ દિવસે આપના ઘેરથી લઇ-એકઠું થયેલ અનાજ વિવિધ આશ્રમમો માં વિતરણ કરે છે.

૨) આપના પરિવારના સભ્યોના જન્મદિન પ્રસંગે અન્ય શુભપ્રસંગે, પુણ્યતિથી વગેરે પ્રસંગે ગૌશાળા, આશ્રમ, હૉસ્પીટલ-ડાયાલીસીસ, ઘાસ વિતરણ, ગૌ ઘાસ, માટે દાન ની રાશી લખાવી શકો છો.

**૩) ચક્ષુદાન :** સભ્યોના પરિવારમાં કોઇના મૃત્યુ બાદ - ચક્ષુદાનની વ્યવસ્થા કરવામાં આવે છે. આ પ્રવૃતિથી આપણા સમાજના પરિવારમા થયેલ મૃત્યુબાદ ૯૯ટકા વ્યક્તિઓનું ચક્ષુદાન થયેલ છે.

**૪) માવજતના સાધનો :** માંદગીમાં વપરાતા ઉપકરણો વ્હીલચેર, વોકર, હોસ્પીટલ બેડ, એર બેડ વગેરે જરૂરીયાતમંદ સભ્યોને આપવામાં આવે છે.

૫) રક્તદાન : આપણા સમાજના કોઈ સભ્યની શસ્ત્રક્રિયા (ઓપરેશન) તેમ એક્સીડન્ટ વખતે રક્તની જરૂરત પડતાં - માનવમિત્રનો સંપર્ક કરતા રક્ત મેળવી આપવા, સમિતિ સહાયરૂપ થશે.

૬) એસ.એમ.એસ સુવિધા : આપણા સમાજની કોઇ પણ કાર્ય પ્રસંગની જાહેરાત એસ.એમ.એસ દ્વારા મોકલવામાં આવે છે. પરિવારના કોઈ સભ્યના મૃત્યુબાદ અંતિમક્રિયા, પાર્થના માટે સમય, તારીખ, સ્થળ ની વિગત એસ.એમ.એસ. દ્વારા કરવામાં આવે છે. પરિવારમાં કોઇ પણ સભ્યની ધંધાકીય માહિતિની જાહેરાત માટે એક એસ.એમ.એસ માટે રૂ. ૧૦૦/- ની રકમ આપતાં એસ.એમ.એસ દ્વારા સમાજના સભ્યોને જાણ કરવામાં આવે છે.

**૭) ઈ-મેલ વ્યવસ્થા :** નિયાપોની વિગત, સમાજની વિવિધ સમિતિઓના કાર્યક્રમ વખતે કાર્યની વિગત ફોટા સાથે સભ્યોને મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે. અસાંજોકચ્છ.Com માં અપડેટ પણ કરવામાં આવે છે.

૮) કોઈપણ વયસ્ક સભ્ય (સીનીયર સિટિજેન) માટે ગ્રેટર હૈદરાબાદ મ્યુનીસીપાલીટી કોરપોરેશન ના ઓળખ કાર્ડ મેળવવા માનવમિત્ર સહાયરૂપ થાય છે.

૯) મંડળના સભ્યોના પરિવારમાં દુઃખદ અવસાન વખતે સ્મશાન યાત્રા, અંતિમક્રિયા, પાર્થના વગેરે ક્રિયા માટે મૃતક પરિવારને પુરે પુરો સહકાર આપવામાં આવે છે.

**૧૦) વ્યસન મૂક્તિ અભિયાન :** વ્યસન એટલે છૂપો દુશ્મન જે સુખી અને સ્વસ્થ જીવનને ખાનાર માટે ધીમું ઝેર છે. માનવ મિત્રના સભ્યો, વ્યસનમાં ડૂબેલા સભ્યને સમજાવી, વ્યસનનાં નૂકશાન સાથે, આ વ્યસનથી દૂર કેમ થવું એના ઉપાયો બતાવે છે.

**૧૧) સ્વાસ્થ્ય - સેવા - જાણકારી :** સભ્યોના પરિવારમાં કોઈ પણ સભ્યની બીમારી વખતે ડોક્ટરી સલાહ માટે ડૉ. રીટા ગાલા - ૯૩૪૬૬ ૧૯૩૨૧, શ્રી પંકજ વલ્લભજી સાવલા - ૯૩૯૪૫ ૫૩૧૫૪, ૨૭૭૦ ૧૧૮૧, શ્રીમતી વાસંતી અરવિંદ શાહ - ૯૮૪૯૫ ૪૭૫૪૩, ડૉ. દિલીપ ભાનુશાલી - ૯૮૪૮૦ ૪૧૪૦૨ નો સંપર્ક કરતા આપને માર્ગદર્શન કરવામાં આવશે.

**આશ્રમ માટે દાન**

રૂ. ૫૦૦/- સ્વ. મગનલાલ ખીમજી સાવલા ની પુણ્યતીથી નિમીતે

**ગૌશાળા માટે દાન**

રૂ.૧,૫૦૧/- પૂજ્ય નરોત્તમ ધનજી વેદ સિકન્દરાબાદ તરફથી

રૂ. ૫૦૧/- ચિ. ડૉ. સંભવ (M.D.S.), માસ્ટર્સ ઓફ ડેન્ટલ સર્જરીમા પાસ થયાની ખુશાલીમા - શ્રી કિર્તીકુમાર અમીચંદ વોરા તરફથી

રૂ. ૫૦૦/- ડૉ. મીતલ મૂદુલ ધરોડ ના લગ્ન દિવસ નિમીત્તે

રૂ. ૫૦૦/- સ્વ. મગનલાલ ખીમજી સાવલા ની પુણ્યતીથી નિમીતે

**હોસ્પીટલ માટે દાન**

રૂ. ૫૦૦/- સ્વ. મગનલાલ ખીમજી સાવલાની પુણ્યતીથી નિમીત્તે

**ડાયાલીસીસ માટે દાન (એક વ્યક્તિને ડાયાલીસીસ નો એક વખતનો ખર્ચ રૂ. ૫૦૦/-)**

૧ ડાયાલીસીસ આયુષી કેતન કારાણીના જન્મદિન નિમીત્તે

૧ ડાયાલીસીસ સ્વ. મગનલાલ ખીમજી સાવલાની પુણ્યતીથી નિમીતે

**રક્તદાન :** આપણા એક સભ્યની શસ્ત્રક્રિયા વખતે ૧) શ્રી હિતેશ પ્રવીણ કારાણી ૨) શ્રી મહેન્દ્ર ભવાનજી હેણિયા એ રક્તદાન કરેલ તે બદલ તેમનું ખુભ આભાર.

**અવસાન નોંધ :** સ્વ. કસ્તુરબેન રવજી દેઢીયા, ગામ ભૂજપુર ઉ.વ. ૮૭ અંતિમક્રિયા પાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.

**આભાર**

સવિનય જણાવવાનું છે મારા માતુશ્રી કેસરબેન રવજી ધનજી દેઢિયા તા. ૨૫-૭-૨૦૧૧ ના અવસાન પામેલ અંતિમક્રિયા પ્રસંગે માનવ મિત્ર મંડળે અમને ખૂબ સહકાર આપેલ છે, તે માટે અમારો પરિવાર માનવ મિત્ર સમિતિના ઘણાજ આભારી છીએ.

# શાંતિવન સમિતિ

સંચાલક : હંસકુમાર સાયલા
સહ સંચાલક : દામજી માવજી સાવલા

## *બુલા લો મુઝે ચાહે જીસ વક્ત....*

શ્રી કચ્છી મિત્ર મંડળના મંચ ઊપરથી આપેલ અભિવચન ના અનુસંધાનમાં જ્યારે મારા ઉપર ફરીથી શાંતિવન સમિતિ ના સંચાલનની જવાબદારી સોંપવામાં આવી જે મેં સહર્ષ સ્વીકારેલ છે. મારા આ સંચાલનના કાર્ય માટે સહાયભુત થતા શ્રી દામજીભાઈ માવજી સાવલાએ પોતાની સેવાની સ્વીકૃતી આપેલ. **"સાથી હાથ બઢાના સાથી રે..."** એના અનુરૂપ શ્રી ધીરજલાલ જેતશી ધુલ્લા, શ્રીમતી દર્શનાબેન દિનેશ દેઢિયા તથા શ્રીમતી વિદ્યાબેન ધીરજ સાવલાએ કદમ થી કદમ મેળવવા સંમત થયા છે. એવી રીતે કમિટીની રચના થઈ છે.

સમિતિના કાર્યકાળ ના સત્રની શુભ શરૂઆત રૂપે રવિવાર તા. ૨૧-૮-૨૦૧૧ જન્માષ્ટમી ના દિવસે બપોરના ૪.૦૦ વાગ્યાથી શ્રી કચ્છી ભવનના ક્ષમાપના હોલમાં વડીલો ના મેળાવડા ના કાર્યક્રમનું આયોજન કરેલ છે, જેમાં મુખ્ય આકર્ષણ છે, આપણા જ સમાજના સ્પીકરો શ્રી તારાચંદ મણીલાલ ધરોડ, શ્રીમતિ નિશાબેન નિતીન ધરોડ, શ્રીમતી વાસંતીબેન અરવિંદ શાહ દ્વારા **"નિવૃતિ ની પ્રવૃતિ"** બાબત સુંદર માર્ગદર્શન આપવામાં આવશે. સમાજના આવા કાર્યક્રમમાં વડીલોની રેકોર્ડ બ્રેક હાજરી ની અપેક્ષા અસ્થાને નહી રહે.

# સંસ્થા સમાચાર

❖ કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી એડેડ કોઓપરેટીવ સોસાયટી લી. ની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૭-૭-૨૦૧૧ રવિવારના કચ્છી ભવન, રામકોટ મધ્યે યોજવામાં આવી. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે શેર મુડી ઉપર ૧૬ ટકા નું ડિવિડન્ડ સભ્યો દ્વારા મંજુર કરવામાં આવેલ. આ વર્ષ સંસ્થાનું સુવર્ણ જયંતિ વર્ષ હોવાથી ચેરમેન શ્રી સંજય ગાલા એ 5% વધારાનું ડિવિડન્ડ તથા નિરંતર ડિપોઝીટ (એન.ડી.) ઉપર 1% વધારાનું વ્યાજ આ વર્ષ માટે જાહેર કરેલ જેને ઉપસ્થિત સભ્યોએ હર્ષથી વધાવેલ.

વર્ષ ૨૦૧૧-૨૦૧૪ ત્રણવર્ષ માટે ચાર ડાયરેક્ટરો બીન હરીફ ચુંટાઈ આવ્યા જે નીચે મુજબ છે. ૧) શ્રી ધનજી લખમશી સાવલા, ૨) શ્રી હરિલાલ ભીમશી સાવલા, ૩) શ્રી ધીરજલાલ ટોકરશી કાપડીયા, ૪) શ્રીમતી વાસંતી અરવિંદ શાહ. વર્ષ ૨૦૧૧-૧૨ માટે નીચેના કાર્યકારી ડાયરેક્ટરોની વરણી કરવામાં આવેલ છે.

૧) ચેરમેન : શ્રી સંજય નાનજી ગાલા (લાખાપુર), ૨) ડેપ્યુટિ ચેરમેન : શ્રી તારાચંદ મણીલાલ ધરોડ (પત્રી), ૩) મેનેજીંગ ડાયરેક્ટર : શ્રી ખુશાલ લક્ષ્મીચંદ ગાલા (સાભરાઈ), ૪) ડાયરેક્ટર એડમીનીસ્ટ્રેશન : શ્રી અરવિંદ કેશવજી છેડા (ગોધરા), ૫) ડાયરેક્ટર ફાઈનાન્સ : શ્રી વસંત ઉમરશી વોરા (નવીનાર).

❖ **શ્રી કચ્છી ગુર્જર જૈન પરિવાર મ્યુ.એડેડ કૉ.ક. સોસાયટી લિમીટેડ, હૈદરાબાદ-સિકન્દરાબાદ :** સોસાયટીની ૯ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧-૫-૨૦૧૧ ના કચ્છી ભવન, હૈદરાબાદ મળી હતી. વર્ષ દરમ્યાન કુલ્લ ૨૧ લોન, રૂ. ૩૯ લાખની સભ્યોને આપવામાં આવી હતી. શેરમુડી ઉપર ૧૧ ટકા વાર્ષિક ડિવીડન્ડ સભ્યોને આપવામાં આવ્યું હતું. નિવૃત થતા ૪ ડાયરેક્ટર્સ ના સ્થાને ૧) સર્વશ્રી શાંતિલાલ મણીલાલ વોરા, ૨) નલિન મહેન્દ્ર શાહ, ૩) અશ્વીન પ્રભુલાલ શાહ, ૪) પ્રવિણચંદ્ર જેચંદ બોરીચા ચુંટાઈ આવેલ હતા. વર્ષ ૨૦૧૧-૧૨ માટે નીચે મુજબ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. ૧) ચેરમેન : શ્રી રમેશ મણીલાલ શાહ, ૨) વાઈસ ચેરમેન : શ્રી કિરણ હીરાલાલ શાહ, ૩) મેનેજીંગ ડાયરેક્ટર : શ્રી પ્રદિપ કેશવલાલ સંઘવી, ૪) ડાયરેક્ટર ફાયનાન્સ : શ્રી નલિન મહેન્દ્ર શાહ

❖ **શ્રી ગુજરાતી પ્રગતિ સમાજ-હૈદરાબાદ :** આપણા સમાજના સભ્યો શ્રી લક્ષ્મીચંદ કેનિયા તથા શ્રી રિદ્ધીશ રમેશ લોડાયા (જાગીરદાર) હાલમાં થયેલ સમાજ ની વર્ષ ૨૦૧૧ - ૨૦૧૩ ચૂંટણીમાં બિનહરીફ ચુંટાઇ આવેલ છે. મંડળ વતી એમને ખુબ ખુબ અભિનંદન..

*Sri Kanakeswari Krupa*

## POOJARI NARESH KUMAR BHATT

(KHAMBHAT WALA)

❖ Expert in ❖

Laxmi Pooja, Satyanarayana Pooja, Hawan,
Pitrukarya, Shantihom & All other Pooja

Cell : 92914 53124, 88976 64025

# સમાજ દર્પણ

### પુત્રી જન્મ

| | | |
|---|---|---|
| અ.સૌ. માનસી રાહુલ શાંતિલાલ મારૂ | ભોજાય | હૈદરાબાદ |

### સગપણ

| | | |
|---|---|---|
| ચિ. મયુર અમરચંદ ગોવિંદજી વોરા | નારાણપુર | હૈદરાબાદ |
| ચિ. સરોજ સર્વેશ્વરસિંગ રાતરે | | છિંદવાડા |
| ચિ. કોમલ શાંતિલાલ મોરારજી ગાલા | ચિઆસર | હૈદરાબાદ |
| ચિ. સુભાષ યોગેશ વિશનજી હરિયા | સાભરાઇ | ગંજ બાસોદા |
| ચિ. ઉમેશ નરેન્દ્ર દેવશી વોરા | મુન્દ્રા | હૈદરાબાદ |
| ચિ. અંકિતા શાંતિલાલ મોરારજી ગાલા | ચિઆસર | હૈદરાબાદ |

### શુભ લગ્ન

| | | |
|---|---|---|
| ચિ. ભક્તિ રમેશ ઠાકરશી ગાલા | દેસલપુર (કંઠી) | હૈદરાબાદ |
| ચિ. જતિન જેઠાલાલ મેઘજી મારૂ | હાલાપુર | સાંગલી |

### સરનામામાં ફેરફાર

૧) ભુપેન્દ્ર પ્રેમજી સાવલા, ૩-૪-૫૧૨/૩૪ (૪૨/૪, આર.ટી.), ૧લે માળે, ગુરૂ સદન, બરકતપુરા પાર્ક ની સામે, બરકતપુરા, હૈદરાબાદ - ૨૭ (મારૂતી વાસુદેવા રેસીડેંસીની બાજુમાં)

૨) હર્ષદ કુંવરજી ધરોડ, ૨૦૨, ડી.એમ.આર. વિમલ કુંજ, ૩-૪-૪૬૮/૨, કાચીગુડા, રેડ્ડી વુમેન્સ કોલેજ ની સામે, હૈદરાબાદ ૫૦૦૦૨૭. આ.પ્ર. ફોન. ૯૩૯૪૭ ૬૩૬૩૧


# Sri Raj Jewellery

*The ultimate diamond destination....*

## *"GREAT CAREER OPPORTUNITY"*

- ✓ Wanted trust worthy young male candidates for marketing & showroom handling.
- ✓ Wanted young and dedicated female candidates for accounting & Office work.
- ✓ Qualification of 10 to 12 minimum for male.
- ✓ Basic computer knowledge require for female.

Send your Bio-Data to **Mr. KISHORE CHHEDA.**

E-mail : raj_jewellery@yahoo.com, kishorechheda@rediffmail.com

**BEFORE 30TH AUGUST 2011**

Selected candidates will be called for interview.

Contact : **KISHORE CHHEDA** - 93470 50061

# વિવિધા

## ત્યારે હું શું કરીશ ?

ચીઠ્ઠી ફાટશે ઊપર વાળાની, વેળા હશે મારી જવાની.....
સમુ કુટુંબ મારૂ ભેગુ મળીને, ચમચી પાણી પાવાની.....
લોટ પાણીનો લાડવો મુકશે, જરૂર હશે નહિં મારે ખાવાની.....
પાંચ-પચીસ ભેગા મળીને, કરશે ઊતાવળ કાઢી જવાની.....
લાકડા ભેગા આણી દેશે, ઊતાવળ એને નાવાની.....
હાડકા લઈને હાલતા થશે, રાખ મારી ઊડી જવાની.....
બાર દી મારી મોકાણ કરીને, પછી મિષ્ટાન ખાવાની.....
પ્રભુ ની સગી છે આ દુનિયા, 'હંસલા'ને ઘડીમાં ભૂલી જવાની.....
ત્યારે હું ફરી એકવાર, પૂનર્જન્મની ઝંખના કરીશ,
હો, પ્રિયે, તારા સંગાથે રહેવાની.....

સંકલન : **હંસકુમાર રાયચંદ સાયલા**

## "ચવન્ની" બની ગઈ ઈતિહાસ

૧ જુલાઈ ૨૦૧૧ થી ૨૫ પૈસાના સિક્કાનું ચલણ સરકારે નાબુદ કરેલ છે. અત્યાર સુધી ચાલતો આ ૨૫ પૈસાનો સિક્કો એક સમયમાં ચાર આના, ચવન્ની, પાવલી તરીકે ઓળખાતો.

અત્યારની પેઢીએ અત્યાર સુધી ચાલતા આ સિક્કાઓ જોયા પણ નહીં હોય કેમકે તેની ખરીદ શક્તિ નહીં બરાબર હતી. પણ એક સમય હતો જ્યારે સોંઘવારી હતી ત્યારે આ ચવન્નીની ખરીદ શક્તિ મોટી હતી. સાલ ૧૯૨૦-૧૯૩૦ ની સાલમાં જાણવા મુજબ એક થેલો ઘઉંનો ચવન્ની થી ખરીદી શકાતો. મને પણ યાદ છે કે ૧૯૫૦/૫૫ માં આસરે અડધો કીલો ચણાની દાળ પણ તેનાથી ખરીદી શકાતી.

આજના ૨૫ પૈસા ૧૯૬૪માં દશાંશ પદ્ધતિ અમલમાં આવેલ તે અંતર્ગત ચલણમાં મુકાયેલ. તે પહેલા એક રૂપિયાના ૬૪ પૈસા ગણાતા અથવા ૧૬ આનાની ગણત્રી હતી અને ચાર આના તે ચવન્ની કે પાવલી તરીકે ઓળખાતી.

બ્રિટિશ શાસનકાળ દરમિયાન છેક ૧૮૩૦ ના દાયકામાં આ પાવલી ચલણમાં આવેલ. એ સમયે રૂપિયાના ઓથા ભાગ બરાબર મુલ્યના આ સિક્કા ચાંદીના બનેલા હતા. આ ચવન્નીના સિક્કા ત્યારે એટલા લોક પ્રિય હતા કે કેટલાય હિંદી ફિલ્મોના ગાયનોમાં પણ તેનો ઉલ્લેખ રહેતો. આ ચવન્ની, તે સમયગાળામાં પૂરા દમામ સાથે ચલણમાં રહી. આપણી ધાર્મિક ક્રિયામાં એક રૂપિયો અને પાવલી અનિવાર્ય બની ગયા હતા. સારા પ્રસંગે કે પુજાની થાળીમાં શુકનવંતો સવા રૂપિયો આપણે હજુ પણ રાખીએ છીએ. એટલુંજ નહીં, ચોપડો લખવાની શરૂઆત કરતા પહેલા પાનાના મથાળે શ્રી ૧ । થી એમ લખી શુભ શરૂઆત હજુએ આપણામાંથી ઘણા જણા કરીએ છીએ.

આજના રૂપિયાના સાઈઝની તે સમયની ચવન્ની હવે ભૂતકાળ બની ગઈ છે અને ભવિષ્યમાં તે ફક્ત મ્યુઝિયમમાંજ દેખાશે.

સંકલન : **રમેશ એમ. શાહ**

## મળ્યા સપનોના આવાસ

આજે આપણે એવા પરિવારો ની વાત કરીશું જેમણે સપના માં પણ ખ્યાલ નહીં હોય કે એમને રહેવા માટે નાના છતાં નમણા એવા પોતીકા ફ્લેટના એ માલિક છે. આ વાત છે મુંબઈ શહેર ના ડોમ્બીવલી પરાં ની જેને આપણે '**મીની કચ્છ**' તરીકે ઓળખીએ છીએ. રેલ્વે સ્ટેશન થી ઈસ્ટ બાજુ અંદાજે પાંચ કિ.મી. ના અંતરે ક.વી.ઓ. સમાજ ની એક વિશાળ વસાહત ઉભી કરવામાં આવી છે જેને નામ આપ્યું છે, **નવનીત નગર** આપણા સમાજ ના ઉદાર દાત્તાઓ ની દાન ગંગાથી આ ભગીરથ કાર્ય પૂર્ણ થવા આવ્યું છે.

"U" આકાર માં આઠ અને આગળ ની બાજુ ત્રણ એમ સાતસાત માળા ની ૧૧ બિલ્ડીંગો બની ગઈ છે જેમાં એક એક ફ્લોર પર ચાર અને છ ફ્લેટો છે. દરેક ફ્લેટ વન બેડરૂમ હૉલ કિચન મળી અંદાજે ૫૫૦ સ્કવેરફૂટ જગ્યા છે. આવા ખૂલાસાવાળા ને સુસજ્જ ફ્લેટ ફક્ત રૂ. ૩ લાખ માં આપવામાં આવ્યા છે. આ યોજના માં કચ્છી વીશા ઓસવાલ ના કંઠી – અબડાસા ના દરેક ગામ ને આવરી લેવાયા છે. આપણા નબળા વર્ગના કુટુમ્બો ની પૂરી તપાસ કરી ને, જેમકે લીવ લાયસન્સ અથવા ભાડા ની જગ્યામાં રહેતાં હતા એવા લોકો ના ફોર્મ પહેલા લેવા માં આવ્યા તેમાં લક્કી ડ્રો ના હિસાબે જેને જે બિલ્ડીંગ માં અને જે માળે ફ્લેટ મળે એ ફરજીયાત સ્વીકારવો પડે છે. વળી અમુક ગામોના મહાજનો અને સખી દાતાઓ તરફથી પણ એમના ગામવાસી ને સારી એવી સહાયતા મળી છે જેથી એમના પર તો નહિવત બોજો પડ્યો છે.

ભોંય તળિયે સીંગલ રૂમ બનાવવામાં આવ્યા છે જેને **વિસામો** નામ આપવામાં આવ્યું છે. આ રૂમો ફક્ત રૂ. ૨૫,૦૦૦/- ડિપોઝીટ લઈ ને એવા વૃધ્ધો ને આપવામાં આવ્યા છે જેમની આવક ઓછી છે અથવા નિવૃત છે ખરેખર **વિસામો** નામ સાર્થક થાય છે. આ રીતે અંદાજે ૪૦૦ ફેમિલી વસી ગયા છે. હજુ વનરૂમ કિચન યોજના ચાલુ છે. એક વિવિધ લક્ષી હોલ બનવાનું છે, તથા એક શિખરબંધ જીનાલય નિર્માણધિન છે. હાલે એક રૂમમાં દહેરાસરજી છે, જ્યાં નિયમિત સેવા પુજા ભાવના થાય છે. સંકુલની ઓફિસ ત્યાં બાજુમાં જ છે જ્યાંથી સસ્તાદરે અનાજ વગેરે આપવામાં આવે છે.

ત્યાં જઈને વસેલા દરેક ના ચહેરા પર જે આનંદ અને સંતોષ જોયા ત્યારે હૈયું હરખ થી ભીંજાઈગયું ને આપણા સમાજ પ્રત્યે ગર્વ અનુભવ્યું આવા સુંદર **નવનીત નગર** બદલ દાતાઓને, કાર્યકર્તાઓ ને આપણા કોટી કોટી વંદન હોજો. ક્યારે પણ મુંબઈ ડોમ્બીવલી જવાનું થાય તો આ **ક.વી.ઓ. કચ્છ** ની મુલાકાત આવશ્ય લેશોજી.

સંકલન : **મહેન્દ્ર વોરા ''અજ્ઞાની''**

## આપણે ક્યાં છીએ

આપણે ક્યાં છીએ ? તેનો ભેદ ઉકેલવા માટે પ્રથમ આપણે ક્યાં હતા, કેવી હાલતમાં હતા તેની પુષ્ટ ભૂમિને સહજ યાદ કરી લઈએ. આપણે પ્રથમ હતા આપણા વતન કચ્છમાં સૂકી અને વેરાન ધરતી. ઉનાળામાં ધગધગતી ગરમ આબોહવા, કષ્ટદાયક ઠંડીથી સંકોચાતા શિયાળાના દિવસો, નબળું ચોમાસું. બે ત્રણ વર્ષ દુષ્કાળના ઓળા ડોકીયા કરતા હોય. ફક્ત પશુધન અને ખેતી પર નિર્ભર જીવન નિર્વાહ, આ સ્થિતિ આ હાલત હતી પ્રથમ આપણે જ્યાં હતા ત્યારની.

એમાંથી બહાર નીકળવાનો એકજ રસ્તો દેશ-વિદેશ, ખેડી પરિશ્રમ કરી આગળ વધવાની એક સમય ખંડમાં જે સંતાનોના પૂર્વજોની હાંક જંગલાર મસ્કત અને આફ્રિકાના કિનારે કિનારે વાગતી હતી તે પૂર્વજોના

સંતાનો માટે ફરીને આમ કરવું અશક્ય ન હતું. પરિશ્રમ, આવડત, સહનશક્તિ અને સંગઠનની મૂડી ભેટે બાંધી તેઓ બીજા વિશ્વયુદ્ધની શરૂઆત સાથેજ દેશ વિદેશ માં ફરી વળ્યા. જ્યાં જ્યાં ધામા નાખ્યા તે ભૂમિને આપણે બનાવી કર્મભૂમિ... આજની તારી ક માં કોઈ દેશ એવો નથી જ્યાં એક કચ્છી પરિવાર વસતો ન હોય. વ્યવસાયનો કોઈ ક્ષેત્ર એવો નથી જે આપણા ભાવરોએ ખેડયો ન હોય. જ્યાં વસ્યા ત્યાં પોતીકી સંસ્થાઓ સ્થાપી, પોતીકા આવાસો બાંધ્યા, સમૃદ્ધિ આપણા ચરણ ચૂંબતી આવી, અને સાંખ તો એવી સજ્જડ, જમાવી કે સમય આવે કોઈ પણ કહે કે **કચ્છી માડુ છે ને વાંધો નહીં.**

જેમ જેમ સમૃદ્ધિ આવતી ગઈ તેમ તેમ સામાજિક ફરજ સમજીને તેનો સદ્‌ઉપયોગ પણ કરતા ગયા. જ્યાં જરૂર લાગે ત્યાં દાનનો પ્રવાહ કરનારો પ્રથમ કચ્છીજ હોય વતન પર આફત હોય તો ગમે ત્યાંથી દોડી જાય... ટૂંકમાં આજે આપણે જ્યાં પણ છીએ ત્યાં સુખી છીએ. સૂકો શેટલો ખાવામાં જે આનંદ હતો તેજ આનંદ ભરપુર ભોજનમાંથી મેળવીએ છીએ.

આવો આજે ફરીને હાથમાં હાથ મેળવીને આપણા સંગઠનને વધુમાં વધુ મજબુત કરીએ અને આપણા નેક વિચારો ભાવિ પેઢીને પણ અર્પણ કરીએ...

- ટોકરશી મુલજી વોરા

## *International Left Handers' Day*

on 13th August every year world celebrates International Left Handers' Day. In earlier days when the young child used his/her left hand for writing, eating and for other activities, the mother used to scold the child compelling him/her to use the right hand, which is supposed to be auspicious thing to do. It is estimated that 10 to 15% of the population all over the world is of Left Handers.

The old outlook has now changed and people have realised that it is natural for some persons to use their left hand efficiently and they are comfortable that way. There is a strong belief that leftists are bright and their handwriting is generally good. There are some prominent leftis who can use both their hands with ease, one among them is **Mahatma Gandhi.**

Leftis have one complaint that all the public utilities or tools are made for the convenience of the majority i.e. right handers. For instance, class room desks are designed to be on right side. However, there are advantages, also for the Left Handers. Left hand bowlers and left hand batsman in the cricket and in tennis are at advantage, they are more successful than the rightists.

If you are Lefty, see the list below to know in whose august company you are :-

*Mahatma Gandhi, Barack Obama, George Bush, Bill Clinton, Harry Truman, John. F. Kennedy, Benjamin Franklin, Ronald Reagan, Julius Ceasar, Amitabh Bachhchan, Abhishek Bachhchan, Leonardo Da Vind, Charlie Chaplin.*

***- Ramesh. M. Shah***

***Sailesh G. Shah***
98499 24416, 92906 00990

**Denal Digitals**

***Gulab Chand Kanji***
98490 51039

**• DIGITAL PHOTO & VIDEO • DECORATION • D.J. • BEAUTICIAN • MEHANDI**
1-5-41/D, Behind Jain Mandir, Chaitanyapuri, Maruthi Nagar, Hyderabad 500060. (A.P.)
E-mail : sailesh_rajesh@yahoo.com

## હસ ગુલ્લા

મહેમાન : તમારે ત્યાં આવીને આનંદ થયો. માથાનો દુ:ખાવો ગાયબ થઈ ગયો.

યજમાન : એ ગાયબ નથી થયો ભાઈ, એણે ફક્ત ઠેકાણુંજ બદલ્યું છે.

---

યતીશ : તું પરણેલાનેજ નોકરી પર કેમ રાખે છે ?

સતીશ : એમાં બે ફાયદા છે. એક તો એ કે તે યુવતીઓના ફંદામાં ફસાતો નથી. બીજું આપણે કટકટ કરીએ તોય ટેવાયેલો હોવાથી ભાગી જતો નથી.

---

રીતેશ : શેરના ધંધામાં બહુ કમાયો ?

નિતેશ : હમણા ત્રણ લાખની મૂડી છે.

રીતેશ : નસીબવાન છો.

મિતેશ : હા યાર ! દસ લાખની મૂડી લઈને ધંધામાં પડ્યો હતો.

---

પતિ - પત્નીમાં અંતર ક્યારે ઓછું હોય ?

બાળક ન હોય ત્યાં સુધી.

પતિ - પત્નીમાં અંતર ક્યારે વધારે હોય ?

પાંચ છ બાળકો હોય ત્યારે.

## બુદ્ધિની દખલ

શબ્દોને તોલી માપી ઘણી ગડમથલ કરી,
આઘાત પ્રત્યાઘાત મિલાવી ગઝલ કરી
ત્યારે એ ફક્ત શબ્દોની રમત રહી ગઈ,
બુધ્ધિએ દિલની વાતમાં જ્યારે દખલ કરી.

---

ક્ષમામાં પ્રકાશ છે... વેરમાં અંધકાર છે
ક્ષમામાં સાંધો છે... વેરમાં વાંધો છે
ક્ષમામાં મધ્યાન છે... વેરમાં દુધ્યાન છે.
ક્ષમામાં સરળતા છે... વેરમાં વક્રતા છે.

---

ધોળી ધજા યુધ્ધ વિરામ,
ધોળા ભાત ભોજન વિરામ,
ધોળા વાળ જીવન વિરામ

---

ચીડાવામાં ચહેરાની ચુંમોતેર માંસપેશી વપરાય છે,
પણ સ્મિત કરવામાં ચૌદજ વપરાય છે.

સંકલન : **ચંદ્રકાંત શિવલાલ શાહ**




# કચ્છી ઓસવાલ મ્યુચ્યુલી ઍંડેડ કોઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી.

(Regn. MC/HYD/(4) 96/13)

૧૦૧, એસ.વી. ફોરચ્યુન, ઈડનબાગ, રામકોટ, હૈદરાબાદ - ૫૦૦ ૦૦૧

ફોન નં. ૬૪૫૫ ૬૫૬૩, ૨૪૭૫ ૨૧૮૫, E-mail : komacs@yahoo.co.in

## નિરંતર ડિપોઝીટ (N.D.) માં તા. ૧૭-૭-૨૦૧૧ થી ફેરફાર

**સભ્ય માટે માસિક ડિપોજીટની મહત્તમ સીમા રૂ. ૫૦૦/- હતી તે વધારીને રૂ. ૩૦૦૦/- કરવામાં આવેલ છે.**

**પેઢીઓ માટે માસિક ડિપોજીટની મહત્તમ સીમા રૂ. ૧૦૦૦/- હતી તે વધારીને રૂ. ૫૦૦૦/- કરવામાં આવેલ છે.**

***સભ્યો માટે વિશેષ સુચના***

સોસાયટીના શેયર ઉપર વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ડિવિડન્ડ ૧૬ ટકા અને ૫ ટકા વિશેષ ડિવિડન્ડ જાહેર કરવામાં આવેલ. આ ડિવિડન્ડ સભ્યના નિરંતર ડિપોજીટ ખાતામાં જમા કરવામાં આવેલ છે. જે સભ્યો ૩૧-૮-૨૦૧૧ સુધીમાં લેખિત માંગણી કરશે તો તેમને ડિવિડન્ડ ની ચુકવણી ચેક દ્વારા અથવા તો એમના સરલ બચત ખાતામાં જમા કરવામાં આવશે.

નિરંતર ડિપોજીટ ધારકોને તેમના ખાતામાં તા. ૧-૪-૨૦૧૧ ના રોજે જમા રકમ ઉપર ૧ ટકા નું વિશેષ ઈન્સેન્ટીવ આપવાનું નક્કી કરવામાં આવેલ જે તેમના ખાતામાં જમા કરવામાં આવશે.

ફિક્સડ ડિપોજીટની રકમની સીમા રૂ. ૨૦,૦૦૦/- થી વધારીને રૂ. ૧,૦૦,૦૦૦/- કરવામાં આવેલ છે.

ફિક્સડ ડિપોઝીટનો વ્યાજ ૯ ટકા તથા સિનિયર સીટીઝન માટે ૧૦ ટકા કરેલ છે.

| | |
|---|---|
| ***Share Premium*** | ***Rs. 100 per Share*** |
| ***Share Surrender Value*** | ***Rs. 167 per Share*** |
| ***Share Dividend*** | ***Rs. 16 + 5 (Spl. Dividend) per Share*** |

લી.

| | | | | |
|---|---|---|---|---|
| ***શ્રી સંજય ગાલા*** | ***શ્રી તારાચંદ ધરોડ*** | ***શ્રી ખુશાલ ગાલા*** | ***શ્રી અરવિંદ છેડા*** | ***શ્રી વસંત વોરા*** |
| ચેયરમેન | ડેપ્યુટી ચેયરમેન | મેનેજીંગ ડાયરેક્ટર | ડાયરેક્ટર-વહીવટ | ડાયરેક્ટર-વિત્ત |

॥ શ્રી વાસુપૂજ્ય સ્વામીને નમઃ ॥

### શ્રી અ ચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે

# શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય

નરેન્દ્ર નંદુ માર્ગ મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ

## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પ્રસંગે

## શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

### પર્વાધિરાજની આરાધના તા. ૨૬-૮-૨૦૧૧ થી ૦૨-૯-૨૦૧૧

ધર્માનુરાગી ભવ્યાત્મા,

હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી સંઘના આંગણે શાસન સમ્રાટ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ની દિવ્યકૃપાથી તેમજ વર્તમાનગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ના શુભાશિષથી અને ચૈતન્યરત્ન શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ ના સદ્ભાવનાથી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ, મુંબઈથી બે ભાવીકો પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવા પધારશે.

## પર્વાધિરાજની આરાધનાની રૂપરેખા

દરરોજ સવારના ૭.૦૦ કલાકે સ્નાત્ર પૂજા, સવારના ૯.૦૦ કલાકે વ્યાખ્યાન, સાંજના ૭.૦૦ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ૮.૦૦ કલાકે ભવ્ય અંગરચના સાથે ભક્તિ ભાવના થશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી.

નિમંત્રક

## શ્રી અચલગચ્છ જૈન સંઘના જયજીનેન્દ્ર

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ.

ફોન. ૨૪૦૪૭૭૭૪, ૨૪૦૪૭૮૬૨, ૨૪૦૪૮૧૪૩

(જા.ખ.)

તા.ક. : વ્યાખ્યાન સમયે પ્રભાવના કે સંઘ પૂજન કરવા ઈચ્છનાર તરફથી બે દિવસ અગાઉથી જાણ કરવામાં આવશે તો યોગ્ય વ્યવસ્થા કરવામાં આવશે. ચૈતન્યપુરી, મારૂતિનગર માટે કોઠી, ઈસામિયા બજાર, હરિદ્વાર હોટલની સામેથી દર ૨૦ મિનિટે બસ ઉપડે છે. બસ રૂટ નં. ૧૦૦ એમ, ૭૨ એમ, ૧૫૮ એમ, ૯૦ એમ, ૧૫૬ પી.

# પર્વાધિરાજની આરાધનાની રૂપરેખા

શ્રાવણ વદ ૧૩ શુક્રવાર તા. ૨૬-૮-૨૦૧૧
ભક્તામર ડ્રો
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી આદિનાથ પંચકલ્યાણપૂજા**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી :
માતુશ્રી દેવકાબાઈ કાનજી વેરસી ગોસર પરિવાર
(કચ્છ-સાભરાઈ), હૈદરાબાદ

શ્રાવણ વદ ૧૪ શનિવાર તા. ૨૭-૮-૨૦૧૧
ભક્તામર ડ્રો
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી ઉવસગ્ગહર ઉપસર્ગહર સ્તોત્ર જાપ**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી : માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમજી
નરસી છેડા પરિવાર (કચ્છ-મોટાલાયજા),
હૈદરાબાદ (શાંતિનાથ ગ્રેનાઈટ)

શ્રાવણ વદ ૩૦ રવિવાર તા. ૨૮-૮-૨૦૧૧
ભક્તામર ડ્રો : સવારના ૯.૦૦ કલાકે
વ્યાખ્યાનમાં કલ્પસૂત્રની બોલી,
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી ગુરૂ ગોતમ સ્વામીજી લઘુ પૂજન**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી : માતુશ્રી આસબાઈ ભાણજી
મુરજી ગડા પરિવાર (કચ્છ-લઠેડી), હૈદરાબાદ

ભાદરવા સુદ ૧ સોમવાર તા. ૨૯-૮-૨૦૧૧
ભક્તામર ડ્રો
સવારના ૯.૦૦ કલાકે અને બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાચન**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી :
માતુશ્રી પાનબાઈ ખીમજી ડુંગરશી મામણીયા
પરિવાર (કચ્છ-મેરાવા), હૈદરાબાદ

ભાદરવા સુદ ૨ મંગલવાર તા. ૩૦-૮-૨૦૧૧
ભક્તામર ડ્રો : સવારના ૯.૦૦ કલાકે સ્વપ્ન દર્શન,
સપનાજી-પારણું પધરાવવાની બોલીઓ
**શ્રી મહાવીર જન્મ વાચન**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી : માતુશ્રી રાજબાઈ પદમશી
ખીમજી મોતા પરિવાર, માતુશ્રી વેજબાઈ ભવાનજી
ખીમજી મોતા પરિવાર (કચ્છ-કુવાપધર),
હૈદરાબાદ, (અલકા વોચ)

ભાદરવા સુદ ૩ બુધવાર તા. ૩૧-૮-૨૦૧૧
ભક્તામર ડ્રો
સવારના ૯.૦૦ કલાકે અને બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાચન**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી :
શેઠશ્રી હિરાલાલજી હર્ષકુમારજી મુણોત પરિવાર
(કિસનગઢ, રાજસ્થાન), ચૈતન્યપુરી, હૈદરાબાદ

ભાદરવા સુદ ૪ ગુરૂવાર તા. ૦૧-૯-૨૦૧૧
ભક્તામર ડ્રો
સવારના ૯.૦૦ કલાકે અને બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાચન**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી
માતુશ્રી જેતબાઈ જેતસી ખીયસી ધુલ્લા પરિવાર
(દલતુંગી હાલાર), ચૈતન્યપુરી, હૈદરાબાદ

ભાદરવા સુદ ૫ શુક્રવાર તા. ૦૨-૯-૨૦૧૧
ભક્તામર ડ્રો
સવારના ૯.૦૦ કલાકે **શ્રી બારસા સૂત્રનું વાંચન**
અને સાંજના ૪.૦૦ કલાકે **સાંવત્સરિક પ્રતિક્રમણ**
સ્વામીવાત્સલ્ય લાભાર્થી : માતુશ્રી જયાલક્ષ્મીબેન
પ્રેમજી લાલજી લોડાયા, હઃ શ્રીમતી રાજુલબેન
રમેશચંદ્ર પ્રેમજી લોડાયા (કચ્છ વારાપધર), હૈદરાબાદ

**ભાદરવા સુદ ૬ને શનિવાર તા. ૦૩-૯-૨૦૧૧ સવારે ૭.૩૦ વાગે તપસ્વીઓના પારણા**
**લાભાર્થી : માતુશ્રી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર (કચ્છ વારાપધર) હૈદરાબાદ**

ભક્તિ ભાવના પૂજન માટે ઇરફાનભાઈ સંગીતકાર પાર્ટી કચ્છથી પધારશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી, સાધર્મિક ભાઈ-બહેનો માટે રહેવાની સગવડ છે.

*નિમંત્રક :* **શ્રી અચલગચ્છ જૈન સંઘ** (જા.ખ.)

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ. ફોન. ૨૪૦૪૭૭૭૪, ૨૪૦૪૭૮૬૨, ૬૪૫૮૦૦૫૫

*Jai Mahaveer*

**Rain, Rain Come Again...**
**...But before the Rain Drains**

## SOLVE YOUR WATER PROOFING PROBLEMS
## (A STITCH IN TIME SAVES NINE)

*For all your above problems we*

# NAMAN
# Construction Solutions

***Will help you-out to overcome the situation***

*Specialist for :* **Treatment for Water Leakages from Terrace, Bathrooms, Toilets, Corridors, Side Walls & Balconies.**

We undertake the above jobs based on latest technology

- No damaging your RCC / PCC structure
- No Chipping
- No Sloping required
- No over loading
- No removal of tiles

*Absolutely Tension Free*

Contact :
**VARDHAMAN DEVJI LODAYA**
B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Function Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.) Ph : 98853 41835
E-mail : naman.construction.solutions@gmail.com

(શુ.મ.)

*Ticket booking at a finger click,*
*You plan your holidays and we will build your travel.*

**Flight Tickets,**
**TrainTickets**
**Bus Tickets**
**Car Hire....**

*Just Contact this no. -* **Aashish V. Vora** *093911 77017*

***M/s. Vardhaman Dresses,***
***4-5-939, Badi Chowdi, Hyderabad***

(સૌ. જા.)



દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :
**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)
ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.
નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(સૌ. જ. S-1157, Aug.09)

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**
**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**
**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**
Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(સૌ. જા.)

**Vikas Bangad** **‘‘હોલસેલ ભાવે દવા મેળવવાનું સ્થળ’’** **Aditya Bangad**

**USHA PHARMA**
# 4-4-230/1, Inderbagh, Sultan Bazar, Hyderabad - 500 095.
Ph : 6522 3381, 2476 1623 Cell : 93910 10398
**ALL MEDICINES ON WHOLE SALE RATES**

(સૌ. જા.)

# MARVEL
BEAUTY PARLOUR
9247304982

We specializes in Bridal Make-up, Hairstyle & Mehendi, Skin, Anti Dandruff & Hair Treatment.

We conduct classes for
MEHANDI & BEAUTY COURSE

- Non Surgical Face Lifting
- Under Eye Dark Circle Treatment
- Skin Polishing Treatment
- Anti Dandruff Treatment
- Radiance Glow
- Lighting Facial
- Temporary & Permanent & Hair Straightening



"BEAUTY PACKAGE" for just Rs.350/-
Bleaching, Herbal Facial, Waxing, & Eyebrow
Rs.500/- : Bleaching Fruit Facial, Waxing, Pedicure, Manicure & Eyebrow.

SPECIAL OFFER FOR YOU

SPECIAL OFFER FOR BRIDAL PACKAGE

Contact in Person : PRAGNA H.SHAH
# G-4, Lakshmi Narayan Apartments,
Beside Mahalakshmi Dairy, Kutbiguda,
Kachiguda, Hyderabad - 27.

Umesh Graphics 9849120968



# R.S. BANDHANI HOUSE
*કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં*

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ન. H-2750)

શુભ ।। અનંત ચૌવિશી જીન નમો ।। લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયા ની ઉપર, કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭.
આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫, ૯૨૪૬૫૩૨૫૪૫

દરમહિનાના પહેલા રવિવારે કાચીગુડા થી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દિઠ રૂ. ૫૦/- માત્ર.

જીવનમાં પરિવર્તન અથવા ઉદય કાળ ક્યારે આવશે એ કંઈ કહેવાતુ નથી પરંતુ એના માટે એની રાહ જોઈ બેસવાનુ નથી આપણો પુરૂષાર્થ તો અવિરત ચાલુજ રાખવો જોઈએ ચોમાસો શરૂ થઈ ગયો છે. ઠેર-ઠેર ગુરૂ ભગવંતોની પધરામણી થઈ ચૂકી છે. ધર્મવાણીનું રસપાન થઈ રહ્યું છે.

ધર્મ આરાધના રૂપે અનેક મોટા-મોટા તપ શ્રી સંઘ માં ચાલી રહ્યા છે. વહેલી તકે આપણે સર્વે પર્વ પર્યુષણની ઊજવણી ધામધૂમથી કરશું. ભાવપૂર્વક કરેલા આરાધનાનુ ફ્લ શું હશે એ તો સમયજ બતાવી શકશે.

અનેક વિધ ધર્મ આરાધનામાં તીર્થ યાત્રાનો પણ એક વિશેષ મહત્વ છે. તીર્થ ભુમીની સ્પર્શનાથી કેવા-કેવા ચમત્કાર થાય છે તે વર્ણવવા કરતા અનુભવ લેવું વધારે સાર્થક રહેશે.

તીર્થ સ્પર્શના કરાવવાના શ્રી સંઘના પ્રયત્નને યોગ્ય પ્રતિસાદ આપશો તો અનેક વિધ ચમત્કાર જીવનમાં થઈ ધારેલ પરિવર્તન લાવી શકશો. કોઈ પણ માર્ગે શ્રી સંઘના શુભ કાર્યોને અનુમોદના આપી ધર્મ આરાધના માં વૃદ્ધિ કરશો.

શ્રી સંઘ તરફથી આયોજિત નિબંધ સ્પર્ધા **મારા સો કરોડ સંપતિની ફાળવણી** મંદિર, હોસ્પીટલ, સ્કુલ કોલેજ રહેઠાણ ની છેલ્લી તારીખ ૩૧ ઓગસ્ટ ૨૦૧૧ છે. હવે સમય થોડો છે. તમારી કોઈ પણ શંકાનું સમાધાન મેળવવા તમો સંચાલકનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકો છે.

તીર્થ યાત્રા દરમ્યાન થનાર પૂણ્યકાર્ય ગરીબ ભોજન, ગૌસેવા, યાત્રીક ભાતા યોજના, સંકલ્પ અનુદાન પત્રો, વગેરેના લાભની દોડમાં તમો પાછા રહેતા નહીં. (જા.ખ. F-2190)

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવચાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા, ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતી મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવાર ના જયજિનેન્દ્ર**

સ્થાપના : ગાંધી જયંતિ ૧૯૭૪ લોકાઃ સમસ્તાઃ સુખીનો ભવન્તુ !! ફોન : ૨૪૭૫૫૩૩૧

૬૬૭૩૫૩૩૧



# ગાંધી જ્ઞાન મંદિર યોગ કેન્દ્ર

(સર્વોદય વિચાર પ્રચાર ટ્રસ્ટ સંચાલિત)

યોગ સ્ટ્રીટ, કોઠી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫

Visit us : www.yogasimplified.com Ph : Dr. Praveen Kapadia - 6673 5331, 6461 5331.
Ravindra - 6673 2484, 2476 5331, Anshul - 92465 75331, Vaishali - 94412 55331.

- યોગાસન, પ્રાણાયામ તથા ધ્યાન સાધનાનું **વિશ્વ વિખ્યાત યોગ કેન્દ્ર** ................
- અત્યાર સુધી **૩,૫૦,૦૦૦ થી વધુ** વ્યક્તિઓએ લાભ લીધેલ છે.....
- છેલ્લા ૩૭ વર્ષથી એક પણ દિવસની રજા વગર નિયમિત યોગ શિક્ષણ આપવાનું **વિશ્વ વિક્રમ** ધરાવતું કેન્દ્ર
- પ્રતિદિન મુખ્ય કેન્દ્રમાં **૫૦૦ થી વધુ** સાધકો યોગ સાધના માટે આવે છે.....
- અન્ય શાખા કેન્દ્રોમાં રોજ **૧૦,૦૦૦ થી વધુ** લોકો નિયમિત યોગાભ્યાસ કરીને જીવન સુખમય બનાવે છે.
- ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, અસ્થમા, સ્પોન્ડીલાઈટીસ, ગરદન, કમર તથા સાંધાનાં દુઃખાવા, મેદવૃધ્ધિ, ગેસ્ટ્રીક ટ્રબલ, કબ્જીયાત, ટેન્શન, નિરાશા જેવી શરીર-મનની અનેકવિધ બીમારીઓ-તકલીફોની **સુપર સ્પેશિયાલિસ્ટ ગેરન્ટેડ ટ્રીટમેન્ટ** કેન્દ્રની મુખ્ય વિશેષતા છે. એટલેજ શહેરના દરેક મોટા ડોક્ટરો, હોસ્પીટલો પોતાના પેશેંટોને અહીં રોજ મોકલે છે....
- સવારના ૪.૦૦ વાગ્યાથી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી **સૌને અનુકુળ** એવા સમયે એક પછી એક **૧૨ સેશન્સ** ચાલે છે..
- **બ્હેનો માટે** અલગ ક્લાસ પણ હોય છે.....
- કચ્છી ભાઈ-બહેનો માટે **૭ દિવસ નિઃશુલ્ક યોગ શિક્ષણ** આપવામાં આવશે...
- મુખ્ય કેન્દ્રમાં આવી ન શકે એવા માટે **ઘરે પણ** યોગ શિક્ષણની વ્યવસ્થા છે.....
- **પ્રાકૃતિક ચિકિત્સા**-એનિમા, મસાજ, સ્ટીમબાથ વગેરેની કુશળ માર્ગદર્શન હેઠળ વ્યવસ્થા છે.....
- અંકુરિત અન્નનો **પ્રાકૃતિક નાસ્તો** (રૂા. ૭) રોજ સવારના ૭.૦૦ થી ૮.૦૦ સુધી મળે છે.

## યોગના નવા ક્લાસ દર સોમવારથી શરૂ થાય છે.

**અદભૂત - અકસીર-અનુભવ સિધ્ધ સરકાર માન્ય દેશ વિદેશમાં લોકપ્રિય આયુર્વેદિક ઔષધિઓ**

**આરોગ્યામૃતમ્**
ડાયાબિટીઝ, બ્લડ પ્રેશર, અસ્થમા, દરેક જાતના તાવ, કમળો, દુઃખાવો, પેટ-લીવર-કિડનીના રોગ, બહુમુત્ર, બળતરા, સોજા વિ.ના નિવારણ હેતુ.....

**સૌદર્યામૃતમ્**
મેદ વૃધ્ધિ દૂર કરીને શરીરને સપ્રમાણ-સુંદર બનાવવા માટે...

**ઉદરામૃતમ્**
ગેસ, એસીડીટી, અપચો, અરૂચિ, કબજીઆત દૂર કરવા માટે...

**દંતામૃતમ્**
દાંતોના દુઃખાવા, લોહી પડવા, પાયોરીઆ વિ.થી પૂર્ણ મુક્તિ માટે..

**કેશામૃતમ્**
સુંદર-લાંબા, દઢ-કાળા વાળો માટે તથા ખોડા-સફેદ વાળ વિ.થી સંપૂર્ણ મુક્તિ માટે...

**અમૃત તેલમ્**
શરીર વેદના, સાંધાના દર્દ, સંધિવાત, આમ વાત, સર્વાંગ વાત દૂર કરવા માટેનું માલીશ તેલ..

**ચ્યવન પ્રાશાવલેહ**
શરીર-મનની શક્તિ, ચહેરાની રોનક, ક્રાંતિ, ધાતુ શક્તિ વધારવા માટે.....

**મનસામૃતમ્**
મનની શાંતિ, યાદ શક્તિ, એકાગ્રતા વધારવા તથા અનિદ્રા, માનસિક તાણ, ભય દૂર કરવા માટે..

**શ્વાસનામૃતમ્**
ખાંસી, શરદી, એલર્જી, દમ દૂર કરવા માટે...

નિર્માતા : **બેટર હેલ્થ પ્રોડક્ટસ્**

(Mg. Dir. **ડૉ. પ્રવીણ કાપડિયા** (કચ્છ - પત્રીવાલા) ફોન.૨૪૭૫૫૩૩૧, ૯૨૪૬૫ ૭૫૩૩૧)

યોગ-આનંદ, પ્રેમબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦૦૯૫, ફોન (૦૪૦) - ૨૪૭૫૨૮૪૮, ૯૨૪૬૧૮૨૪૮૪

મંડળનો મેડીકલ કાર્ડ લઈને આવતાં ઉપરોક્ત બધી દવાઓ ઉપર ૧૦ ટકા ડીસ્કાઉંટ આપવામાં આવશે.

સ્થળ : ગાંધી જ્ઞાન મંદિર સમય : સવારના ૭.૦૦ થી ૧૨.૦૦, સાંજના ૫.૦૦ થી ૭.૦૦

દર મહિનાના ત્રીજા સોમવાર થી યોગા અને મેડિટેશન કોર્સ શરૂ થશે. (જા.ખ. F-1160)